માંગણી અનુસાર પબ્લીકના માણસોને
પોલીસ પ્રોટેકશન પૂરુ પાડવા અંગે.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ.
પરિપત્ર ક્રમાંકઃ– વસફ– ૩૧૨૦૦૭/ ૯૯૫૬/ ડ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬ –૧૦ –૨૦૦૭

**પરિપત્રઃ**

નામદાર ગુજરાત હાઈકોર્ટે એક કોર્ટ કેસમાં સામાન્ય જનતાના કિસ્સામાં પોલીસ રક્ષણ પુરું પાડવા બાબતે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવા કરેલ આદેશોને લક્ષમાં લઈ, પબ્લીકના માણસોને રક્ષણ આપવા બાબતે અને કેવા પ્રકારના હથિયાર સાથે તથા કયારે અને કેવા સંજોગોમાં રક્ષણ આપવું તે અંગે નીચેની માર્ગદર્શક સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

## (એ) કયારે અને કેવા પ્રકારનું રક્ષણ આપવું ?

પોલીસની મુખ્ય કામગીરી લોકોના જાનમાલનું રક્ષણ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને ગુનાઓની/અરજીઓની તપાસ છે, જયારે કોઈપણ પબ્લીકના માણસ પોલીસ રક્ષણ ઓનપેમેન્ટ માંગે તો તે આપી જ દેવું તે જરૂરી નથી. આ માટે નીચેની બાબતો ધ્યાને રાખવી જરૂરી છે.

(૧) હાલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, પોલીસનું મહેકમ, કામગીરીનું ભારણ વિગેરે ધ્યાને લઈ બને ત્યાં સુધી વ્યકિતગત રીતે પોલીસ રક્ષણની માંગણી ઓનપેમેન્ટ કરવામાં આવી હોય તો તે નકારવી જોઈએ. રેરેસ્ટ ઓફ રેર કેસમાં, કેસની ગણવતા,સ્વરક્ષણની માંગણીની ગંભીરતા, અરજદારનો ભૂતકાળ, પોલીસની ઉપલબ્ધતા વિગેરે તમામ પાસાઓની ચકાસણી કરી જુજ કેસમાં ટુંક સમય માટે જ ઓન પેમેન્ટ પોલીસ રક્ષણ આપી શકાય.

(૨) ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ–૩ નિયમ ૫૨૬ (૧) (એ) માં સ્પષ્ટ જણાવેલ છે કે, **If Police are needed by private persons to guard their property or keep the peace, they may be supplied by commissioner of police or the superintendent of police, as the case may be.** આમ, આ જોતા પણ વ્યકિતગત સ્વરક્ષણ માટે ઓનપેમેન્ટ પોલીસ રક્ષણ આપવાની જોગવાઈ નથી. તથા મિલ્કતના રક્ષણ અને શાંતિ જાળવવા માટે પણ પોલીસ રક્ષણ આપવાની બાબતે **"MAY"** શબ્દ પ્રયોજેલો છે. **"SHALL"** નહી. તે બાબત સુચક છે. જે આવા કિસ્સામાં પણ કેસના ગુણદોષો જોઈને આપવું કે નહી તે પોલીસ કમિશ્નરશ્રીની તથા પોલીસ અધિક્ષકશ્રીની સુચના પર અવલંબિત છે.

(૩) વ્યકિતગત પોલીસ રક્ષણ આપવા બાબતે, અરજદારની અરજી આવ્યેથી સંબંધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મંગાવી, સંબંધિત ઉપરી અધિકારીઓનો પણ અભિપ્રાય મેળવી નિર્ણય લેવામાં આવે છે. વ્યકિતગત પોલીસ રક્ષણની અરજી સબબ અરજદારનો ભૂતકાળ તથા તે કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલ છે કે કેમ? તે તથા પોલીસ રક્ષણ મેળવવા પાછળનો આશય વિગેરે તમામ બાબતોની પણ ચકાસણી જરૂરી છે.

(બી) કયા પ્રકારના હથિયાર સાથે પોલીસ રક્ષણ આપવું ?

કોઈપણ અરજદાર વ્યકિતગત કિસ્સામાં, ઓન પેમેન્ટ પોલીસ રક્ષણની માંગણી કરે અને મુદા(એ)માં જણાવ્યા અનુસાર ખરેખર જો તેને પોલીસ રક્ષણની જરૂરીયાત ટુંક સમય માટે હોય અને પોલીસ રક્ષણ આપવાનો સત્તાવાળાઓ તરફથી નિર્ણય લેવામાં આવે તો, કયા પ્રકારના હથિયાર સાથે પોલીસ રક્ષણ આપવું તે નકકી કરવાની સત્તા, પોલીસ રક્ષણ આપવાનો નિર્ણય કરનાર સત્તાધિકારી પાસે જ રહેવો જોઈએ.

સામાન્ય સંજોગોમાં જયારે વ્યકિતગત સ્વરક્ષણ માટે ઓન પેમેન્ટ પોલીસ રક્ષણ આપવાનો નિર્ણય લેવામાં આવે ત્યારે ૩૦૩ રાયફલ સાથે જ પોલીસ રક્ષણ આપવું જોઈએ. અન્ય કોઈ નાના હથીયાર જેમ કે રીવોલ્વર/ પિસ્તોલ/ મશીનગન/ ૯ એમએમ કારબાઈન ગન જેવા સ્વયંસંચાલિત હથીયારો સાથે પોલીસ રક્ષણ આપી ન શકાય.

(સી) માંગણી અનુસાર પોલીસ રક્ષણ મેળવનાર વ્યકિતઓ પાસેથી ગૃહવિભાગના તા. ૧- ૧૦- '૯૯ના ઠરાવ ક્રમાંકઃ- મહક- ૧૦૯૮- ૮૭૬- સ થી નિયત કરેલ પોલીસ ગાર્ડની સેવાના દર મુજબ વસૂલાત કરવાની રહેશે.

ઉપરોકત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા સર્વે સ્થાનિક અધિકારીશ્રીઓને સૂચના પાઠવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.જે.મકવાણા)
સેકશન અધિકારી
ગૃહવિભાગ.

પ્રતિ,
૧. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
૨. સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
૩. સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ,
૪. સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.